# પુસ્તક પરબ માટે ભેટ આપેલ પુસ્તકો માટે સન્માન સમારોહ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયના માર્ગદર્શનથી યુનિવર્સિટીના એક્ષટેન્શન સેલ, સ્કુલ ઓફ હ્યુમીનીટીઝ અને સોશિયલ સાયન્સ તથા લાયબ્રેરી વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના નિવૃત્ત પ્રાધ્યાપક અને અધ્યક્ષ ધીરુભાઈ દેસાઈ દ્વારા યુનિવર્સિટીના પુસ્તક પરબ માટે ૪00-1000 જેટલાં અમૂલ્ય પુસ્તકો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર- (Lib.Sci) & SHSS કો-ઓર્ડીનેટર), ડૉ. સોનલ ચૌધરી (આસિસ્ટન્ટ પ્રોફેસર – એક્ષટેન્શન એક્ટીવીટી સેલના સંચાલક) , શ્રી નિશા જોષી (આસિસ્ટન્ટ પ્રોફેસર- Lib.Sci.) અને શ્રી પરેશ ચૌહાણ (આસિસ્ટન્ટ પ્રોફેસર- સમાજશાસ્ત્ર) હાજર રહ્યા હતાં. આ સન્માન સમારોહનું આયોજન શ્રી પરેશ ચૌહાણ (આસિસ્ટન્ટ પ્રોફેસર- સમાજશાસ્ત્ર) ના સહયોગથી થયેલ હતું.સૌ પ્રથમ યુનિવર્સિટી પરંપરા મુજબ તેમનું ડૉ. પ્રિયાંકી વ્યાસ (એસોસિયેટ પ્રોફેસર (Lib.Sci.- SHSS)) દ્વારા તેમના નિવાસસ્થાને ખેસ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધીરુભાઈ દેસાઈ દ્વારા પુસ્તકોને ભેટ સ્વરૂપે કેમ આપ્યાં તેમજ પુસ્તકો ભેટ આપતા સમયે તેમના હૃદયની લાગણી વિશે જાણકારી આપવામાં આવી હતી. સન્માન કાર્યક્રમના અંતે કાર્યક્રમના સંચાલક ડૉ. સોનલ ચૌધરી દ્વારા યુનિવર્સિટી વતી આદરણીય સાહેબનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.







